# અંકલેશ્વર રેલવે પ્લેટફોર્મ પાસે રૂ.૨૭ લાખ રોકડા સાથે દાહોદનો શખ્સ ઝડપાયો

**ભરૂચ** રેલવે પોલીસની કાર્યવાહી, અંકલેશ્વરમાં એક વેપારીને રૂપિયા આપવા માટે આવ્યો હોવાની કબૂલાત

**પોલીસ** વિભાગે IT વિભાગને જાણ કરી



ભરૂચ: ભરૂચ રેલવે પોલીસે ચેકિંગ દરમિયાન દાહોદની એક વ્યક્તિને રૂ.૨૭ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે ૪૧(૧)ડી હેઠળ અટકાયત કરી તપાસ આદરી છે. આટલી મોટી રકમ તે ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો? એ બાબતે સઘન પૂછપરછ હાથ ધરાઈ છે.

લોકસભાની ચૂંટણી સમયે કડક ચેકિંગ ચાલી રહ્યું છે. ત્યારે જિલ્લામાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીઓ પૂર્ણ થાય એ માટે જિલ્લાનાં દરેક પ્રવેશદ્વારોએ વાહન ચેકિંગ સહિતની કાર્યવાહી ચૂંટણી વિભાગની ટીમો અને પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

ભરૂચ રેલવે પોલીસે પણ લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી પ્લેટફોર્મ અને ટ્રેનમાં કડક ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાં ગુરુવારે ભરૂચ રેલવે પોલીસમથકના PSI જે.બી.મીઠાપરા અને તેમની ટીમના માણસો લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને અંકલેશ્વર રેલવે પ્લેટફોર્મ પર ચેકિંગમાં હાજર હતા. એ વેળા હરિદ્વાર-વલસાડ ટ્રેનમાંથી ઊતરેલા એક ઈસમ પર શંકા જતાં તેને રોકી તેની બેગની તલાસી લેતાં તેમાંથી મોટા પ્રમાણમાં રોકડા જોઈ પોલીસ સ્તબ્ધ થઈ ગઈ હતી.

પોલીસે તેને ભરૂચ પોલીસમથક પર લાવી તપાસ કરતાં તેની પાસેથી રોકડા રૂ.૨૭ લાખ મળી આવ્યા હતા. પોલીસે તેનું નામઠામ પૂછતાં તે દાહોદની ઝૂલેલાલ સોસાયટીમાં રહેતો યોગેશ પ્રીતમાણી હોવાનું જણાવ્યું હતું. જ્યારે તે આ રૂપિયા અંકલેશ્વરના વેપારીને આપવા માટે આવ્યો હતો. જો કે, પોલીસે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને પણ જાણ કરી છે. પોલીસે તેના વિરુદ્ધ ૪૧(૧) ડી મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# નવસારીથી સુરત બાળકોને મળવા આવેલા યુવકની ડક્કા ઓવારા પાસે હત્યા

**હત્યા** કરનાર અજાણ્યો ફરાર

**માથા,** કાન અને મોઢા પર લાકડાના ફટકાથી હુમલો કરાયો હતો

સુરતઃ નવસારીથી પોતાના બાળકોને મળવા સુરત ખાતે આવેલા યુવકની ગઈકાલે રાત્રે મક્કાઈપુલ નજીક દોટીવાલા બેકરીની સામે અજાણી વ્યક્તિએ બેરહેમીપૂર્વક હત્યા કરી હતી. બનાવને પગલે લોકોની ભીડ ભેગી થતા પોલીસને જાણ કરાઈ હતી અને પોલીસે અજાણ્યા સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અઠવા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નવસારીના જલાલપોર ખાતે રહેતા 28 વર્ષીય રવિદાન જબરદાન બાટી ગઇ કાલે રાત્રે મક્કાઈપુલ ખાતે આવેલી દોટીવાળા બેકરી પાસે બેઠેલો હતો. ત્યારે કોઈ અજાણ્યાએ તેના ડાબા ગાલ અને કાન ઉપર ફટકાથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીએ તેને મરણ જાહેર કર્યા હતા.

મનમેળ નહીં થવાને લીધે મરનાર રવિદાન અને તેની પત્ની જિગીષા 2018 થી જુદા રહેતા હતા. રવિદાન જલાપોરમાં રહેતો હતો. જ્યારે તેની પત્ની અને બાળકો સુરતના ડક્કા ઓવારા ખાતે રહેતા હતા. રવિદાન ક્યારેક સુરતમાં તેના બાળકોને મળવા આવતો હતો.

ગઈકાલે પણ પોતાના બાળકોનમે મળવા આવ્યો હતો. અને રાત્રે મક્કાઈપૂલ ખાતે આવેલી દોટીવાળા બેકરી પાસે બેસેલો હતો. ત્યારે અજાણ્યા ઈસમે તેની ઉપર હુમલો કરી હત્યા કરી ભાગી ગયો હતો. આરોપી પકડાયા બાદ જ સ્પષ્ટ થશે કે તેને હત્યા કયા કારણસર કરી હતી. હાલમાં પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ચેક રિટર્નની સજા સામે ઉધના સિટિઝન બેંકના પૂર્વ ચેરમેન સેતુ માધવનની અપીલ નામંજૂર

**ટ્રાયલ** કોર્ટે આરોપી એમ.સેતુ માધવનને કસૂરવાર ઠેરવી દંડ કર્યો હતો, તે હુકમથી નારાજ થઈને આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી

## સેશન્સ કોર્ટે બંને વકીલોની દલીલો ગ્રાહ્ય રાખી ટ્રાયલ કોર્ટના હુકમને કાયમ રાખ્યો

ટ્રાયલ કોર્ટના હુકમથી નારાજ થઈને આરોપી એમ.સેતુ માધવને સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. પુરાવાઓને આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યા છે. જે હુકમ ન્યાયી અને યોગ્ય હોય તેમાં હસ્તક્ષેપ કરવા માટે અપીલમાં કોઈ ગ્રાઉન્ડ દર્શાવેલ નથી. સેશન્સ કોર્ટે એડવોકેટ કિરીટ સી.પાનવાલા અને ધર્મેશ એમ.ગાંધીની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી એમ.સેતુ માધવનની અપીલ નામંજૂર કરીને ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખ્યો હતો. આરોપીને 7 દિવસમાં હુકમની અમલવારી માટે ટ્રાયલ કોર્ટમાં હાજર રહેવાનો હુકમ કર્યો હતો.

સુરતઃ ચેક રિટર્નના કેસની સજા સામેની ધી ઉધના સિટિઝન કો.ઓ.બેંક લી.ના પૂર્વ ચેરમેનની અપીલ કોર્ટે નામંજૂર કરી હતી.

કેસની વિગત એવી છે કે ધી ઉધના સિટિઝન કો.ઓ. બેંક લિમિટેડના ઓથોરાઈઝ પર્સન મહેશ નરોત્તમ પટેલે ધી ઉધના સિટિઝન કો.ઓ.બેંક. લિમિટેડના પૂર્વ ચેરમેન એમ.સેતુ માધવન(રહે. સેન્ટર પોઈન્ટ એપાર્ટમેન્ટ, આનંદ-મહેલ રોડ, અડાજણ) વિરૂદ્ધ ચેક રિટર્નની બે ફરિયાદો કરી હતી. ફરિયાદ મુજબ આરોપી એમ.સેતુ માધવન બેંકના ચેરમેન તરીકે ચાલી આવતા હોય જે દરમિયાન તેમના સંબંધી કે.એન.મોહને રૂબીઝ પ્રોપ્રાયટર તરીકે બેંકમાંથી કેશ ક્રેડિટ લોન લીધી હતી. જે લોનની રકમ તેઓએ ચૂકવી ન હતી. 28-નવેમ્બર-2011 સુધી રૂપિયા 1,84,79,541 રકમ બેંકની લેણી નીકળતી હતી.

જે દરમિયાન બેંક ક્લિયરિંગ હાઉસમાંથી સસ્પેન્ડ થઈ અને બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સુપરસીડ કરીને બેંકમાં વહિવટદારની નિમણુંક કરવામાં આવી હતી. કે.એન.મોહને બેંકને ચૂકવવાની થતી રકમની જવાબદારી તે સમયે એમ.સેતુ માધવને લઈ તે રકમ પોતે ચૂકવવાનો વિશ્વાસ આપીને 25 લાખ રૂપિયાના એક એવા 6 ચેક આપ્યા હતા. પરંતુ આ ચેક રિટર્ન થતા એમ.સેતુ.માધવન વિરુદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની બે અલગ-અલગ ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદની પેન્ડન્સી દરમિયાન મૂળ ફરિયાદી બેંક ધી કાલુપુર કમર્શિયલ કો.ઓ.બેંક લી.માં મર્જ થઈ હતી.( ઠેકાણું. ઉધોગનગર, ઉધના )ત્યારબાદ બેંકના ઓથોરાઈઝ પર્સન જયેશ વ્રજેશ સાકરીયા મારફત ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવામાં આવી હતી. તે કેસ ચાલી ગયો હતો. ટ્રાયલ કોર્ટે બંને કેસમાં સંયુક્ત હુકમથી આરોપી એમ.સેતુ માધવનને કસૂરવાર ઠેરવીને 75 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# વડાપ્રધાન મોદી 1લી અને 2જી મેએ ગુજરાતમાં, છ સભાને સંબોધન કરશે



ગાંધીનગરઃ એક તરફ પ્રદેશ ભાજપની નેતાગીરી દ્વારા નારાજ થયેલા ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે સમાધાન માટે સીધો સંવાદ ચાલી રહ્યો છે, ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 1લી તથા 2જી મેના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. બે દિવસમાં પીએમ મોદી છ સભાઓને સંબોધન કરશે, જે એક ડઝન લોકસભા બેઠોકને આવરી લેશે.

1લી મેના રોજ બપોરે 3.30 વાગ્યે બનાસકાંઠાના ડીસા ખાતે, તે પછી હિંમતનગર ખાતે સાંજે સાડા પાંચ વાગ્યે સભાને સંબોધન કરશે. બીજા દિવસે આણંદ, વઢવાણ, જૂનાગઢ અને જામનગર ખાતે સભાને સંબોધન કરશે. આ છ સભાઓની સાથે પીએમ મોદી એક ડઝન લોકસભા બેઠકોને પ્રચારમાં આવરી લેશે.

## દમણમાં 28મી એપ્રિલના રોજ રાહુલ ગાંધી જાહેરસભા સંબોધશે

**દમણ** લાઈટ હાઉસ પાસે આવેલા મેદાનમાં સાંજે 4 વાગ્યે જાહેરસભા યોજાશે

દમણઃ સંઘપ્રદેશ દમણમાં 28મી એપ્રિલના રોજ કોંગ્રેસ પાર્ટીના નેતા રાહુલ ગાંધી દમણની મુલાકાતે આવી રહ્યા હોય એવી જાહેરાત કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર કેતન પટેલ દ્વારા કરવામાં આવી છે.

દમણ અને દીવ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર કેતન પટેલ દ્વારા મીડિયાને આપવામાં આવેલા એક ઇન્ટરવ્યૂમાં જણાવવામાં આવ્યું છે કે રાહુલ ગાંધી 28મી એપ્રિલના રોજ મોટી દમણ લાઈટ હાઉસ પાસે આવેલા મેદાનમાં સાંજે 4 વાગ્યાની આસપાસ જાહેર સભાને સંબોધન કરશે.

# ગરમીનો ઉપાડો ફરી શરૂ, વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી

**રાજ્યભરમાં** તાપમાનમાં ગરમી એક ડિગ્રી જેટલી વધી, પાંચેક દિવસ ગરમીનું મોજું ચાલુ રહેવાની સંભાવના

**રાજ્યમાં** સૌથી ઓછું તાપમાન દમણ અને નલિયામાં 34 ડિગ્રી નોંધાયું હતું

ગાંધીનગરઃ રાજ્યમાં આજે દિવસ દરમ્યાન ગરમીમાં 1 ડિગ્રી જેટલો વધારો નોંધાયો છે. ખાસ કરીને ગુજરાતમાં રાત્રીના તાપમાનમાં વધારો થયો છે. આજે દિવસ દરમ્યાન રાજ્યમાં મધ્ય ગુજરાતમાં વલ્લભ વિદ્યાનગરમાં ગરમી વધીને 42 ડિગ્રીએ પહોંચી હતી.

આગામી 4થી5 દિવસમાં ગરમીમાં કોઈ મોટી વધઘટ જોવા મળશે નહીં. અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં પણ 1 ડિગ્રી જેટલી ગરમી વધી હતી.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસ સ્થિત હવામાન વિભાગના સત્તાવાર સૂત્રો મુજબ આજે અમદાવાદમાં 41 ડિ.સે., ડીસામાં 39 ડિ.સે., ગાંધીનગરમાં 40 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિ.સે., વડોદરામાં 41 ડિ.સે., સુરતમાં 39 ડિ.સે., વલસાડમાં 36 ડિ.સે. દમણમાં 34 ડિ.સે., ભૂજમાં 39 ડિ.સે.,નલિયામાં 34 ડિ.સે., કંડલા પોર્ટ પર 35 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 38 ડિ.સે., અમરેલીમાં 41 ડિ.સે., ભાવનગરમાં 38 ડિ.સે., રાજકોટમાં 4 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 41 ડિ.સે., મહુવામાં 38 અને કેશોદમાં 38 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# રાજ્યમાં 12 IPSની આંતરિક બદલી, પાંચને બઢતી આપવામાં આવી

**ચૂંટણી** પંચની લીલી ઝંડી બાદ ગૃહ વિભાગ એક્શનમાં આવ્યું

**સુરત** શહેર ક્રાઈમ બ્રાન્ચના વડા તરીકે રાઘવેન્દ્ર વત્સ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં શરદ સિંઘલની નિમણૂક

ગાંધીનગરઃ કેન્દ્રિય ચૂંટણી પંચની લીલી ઝંડી બાદ હવે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આજે સાંજે 12 જેટલા આઈપીએસની બદલીના આદેશ કરી દેવાયા છે. ગગનદીપ ગંભીરને ગાંધીનગર ADGP બનાવાયા છે, જ્યારે રાઘવેન્દ્ર વત્સને સુરત ક્રાઈમ એસીપી બનાવાયા છે. અજીત રાજીયાનને અમદાવાદ શહેર ડીસીપી ક્રાઈમ બનાવાયા છે. લવિના સિંહાને ડીસીપી સાયબર ક્રાઈમ અને હિમાંશુ વર્માને DCP ZONE 1 અમદાવાદમાં મૂકાયા છે. આ તમામ 12 આઈપીએસ અધિકારીઓ પોસ્ટિંગ માટે રાહ જોઈ રહ્યા હતા, જ્યારે પાંચ આઈપીએસને બઢતી અપાઈ છે.

ગગનદિપ ગંભીરને એડીજીપી - એડમીન તરીકે, વત્સને અધિક પોલીસ કમિશનર સુરત સિટી ક્રાઈમ શરદ સિંઘલને જોઈન્ટ સીપી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, નીરજ બડગુજરને અધિક પોલીસ કમિશનર અમદાવાદ, ચૈતન્ય માંડલીકને સીઆઈડી ક્રાઈમ, મનીષ સિંગને એસપી એમટી, ગાંધીનગર, ઉષા રાડાને એસઆરપી ગ્રુપ - સાબરકાંઠા, રાજીયાનને ડીપીસી અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચ, ડૉ લવીના સિન્હાને ડીપીસી સાયબર ક્રાઈમ બ્રાન્ચ, હિમાંશુ કુમાર વર્માને ડીસીપી ઝોન-1 અમદાવાદ, રૂપલ સોલંકીને સ્ટાફ ઓફિસર ડીજીપી ઓફિસ, ગાંધીનગર અને ભારતી પંડયાની નિમણૂંક એસપી, ટેક્નીકલ સર્વિસ તરીકે બદલી કરાઈ છે. આ ઉપરાંત ગૃહ વિભાગ દ્વારા પાંચ આઈપીએસને પે મેટ્રિક્સ લેવલ -11માં બઢતી અપાઈ છે, જેમાં બીસાખા જૈન, રાઘવ જૈન, ડૉ જીતેન્દ્ર અગ્રવાલ, ડૉ નીધિ ઠાકુર અને કે. સિદ્ધાર્થનો સમાવેશ થાય છે.

**આવકવેરા અધિનિયમની કલમ 43Bમાં (h)નો ઉમેરો લાગુ થયા પછી**

# કાપડનો વેપાર ઠપ્પ થતાં 180 દિવસે પણ પેમેન્ટ મળી રહ્યું નથી

**નિયમની** આડમાં પેમેન્ટ નહીં કરતા વેપારીઓને સબક શીખવવા ફોસ્ટા આવા વેપારીઓ સામે સોશિયલ મીડિયામાં ઝુંબેશ ચલાવશે

સુરતઃ આવકવેરા અધિનિયમની કલમ-43Bમાં (h)નો ઉમેરો કરવામાં આવ્યો છે અને તેનો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી અમલ કરાયો છે. આ નિયમને કારણે કાપડ માર્કેટમાં અફરાતફરી મચી છે. નવી જોગવાઈ પછી વેપાર ઠપ થઈ જતાં સુરતના કેટલાક વેપારીઓને 180 દિવસ થવા છતાં પેમેન્ટ મળી રહ્યું નથી. ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ને 20 ફરિયાદ એવી મળી છે, જેમાં વેપારીને 180 દિવસ થવા છતાં પેમેન્ટ છૂટું થયું નથી. ફોસ્ટાએ એવા વેપારીઓની લેખિત ફરિયાદ લઈ, ફરિયાદીનો લેણદાર સામેનો વિડીયો બનાવી વાઈરલ કરવાની ચીમકી આપી છે. આવા વેપારી લીગલ નોટિસને પણ ગણકારતા નથી. ત્યારે માર્કેટમાં આઉટ કરવા આ કીમિયો અજમાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ફોસ્ટા પ્રમુખ કૈલાસ હાકીમે જણાવ્યું હતું કે, આવા વેપારીઓની યાદી બનાવવામાં આવી રહી છે, જે 180 દિવસે પણ પેમેન્ટ કરતા નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ આવકવેરા અધિનિયમની કલમ 43Bમાં (h)નો ઉમેરો કરવામાં આવ્યા પછી નાના ઉદ્યોગકારો પાસેથી ધંધો છીનવાઈ જતો દેખાય છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવકવેરા અધિનિયમની સેક્શન ૪૩બી(એચ) વિશે ચર્ચા વિચારણા માટે લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે અગાઉ મીટિંગ કરી હતી, જેમાં લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા એક વર્ષ માટે આ સેક્શનનો અમલ લંબાવવા માટે રજૂઆત કરાઈ હતી. આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નવી દિલ્હી ખાતે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાને રૂબરૂ મળીને આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બર પ્રમુખે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સાથે આવકવેરા અધિનિયમની સેક્શન ૪૩બી(એચ) માં કેટલીક બાબતોમાં લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સને મળેલી રજૂઆતને સંદર્ભે સુધારાવધારા કરવા માટે ચર્ચા કરી હતી.

# સિવિલમાં એક વર્ષના બાળકનાં ફેફસામાંથી આમલીનું બી દૂર કરી નવજીવન અપાયું

**વાંસદાના** બાળકને શરદી સહિતની સમસ્યા વધતાં સિટી સ્કેન સહિતના રિપોર્ટ કઢાવ્યા તો તેમાં બી દેખાયું હતું

**ENT** વિભાગના તબીબોએ તાત્કાલિક નિર્ણય લઈ, બે કલાકની દૂરબીન સર્જરી દ્વારા બી દૂર કર્યું

સુરતઃ એક વર્ષના બાળકની શ્વાસનળીમાં ફસાલેયા આમલીના બીને દુરબીન વડે દુર કરી નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ બાળકને નવજીવન આપ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, વાંસદાના ઉમરકુઈમાં કૃણાલ ગામીત પરિવાર સાથે રહે છે અને તે મજૂરીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. કૃણાલના સંતાન પૈકી એક વર્ષના દીકરા ક્રિયાંશને શરદી સહિતની સમસ્યા થતાં 18મી એપ્રિલના રોજ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં બાળકનાં સિટી સ્કેન, એક્સ-રે કરાવવામાં આવ્યા હતા. જેમાં ક્રિયાંશના ફેફસામાં આમલીનું બી હોવાનું સામે આવ્યું હતું. જેથી મંગળવારે પરિવાર ક્રિયાંશને સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ENT વિભાગના તબીબો દ્વારા તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બુધવારે ડોક્ટરોએ દુરબીનથી બે કલાક સુધી સર્જરી કરી હતી અને આંબલીનું બી કાઢી નાખ્યું હતું. હાલ બાળક સારવાર હેઠળ છે.

સિવિલના તબીબોના પ્રયત્નોના કારણે બાળકના પરિવારજનોને હાશ થઈ હતી અને કેટલાય દિવસથી હેરાન થતાં બાળકે પણ નિરાંત અનુભવી હતી.

# કામરેજ ચાર રસ્તાની સાંઇ હોસ્પિટલના ડો. રમેશ કુમાવતની 3 માસની સજાને સેશન્સ કોર્ટે યથાવત રાખી

**ડો.** રમેશ કુમાવતની સાંઈ હાર્ટ એન્ડ જનરલ હોસ્પિટલમાં સગર્ભાઓની તપાસ કર્યા બાદ રેકોર્ડ રાખવામાં આવતો નહોતો

**ડો.** કુમાવતને ટ્રાયલ કોર્ટેએ સજા કરી હતી, જેની સામે ડો. કુમાવતે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી, હુકમ સાથે કસ્ટડીમાં લઈ લેવાયા

સુરતઃ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી સાંઈ હાર્ટ એન્ડ જનરલ હોસ્પિટલના તબીબો દ્વારા સગર્ભાઓની તપાસ કરીને કાયદેસરના રેકોર્ડ જાળવવામાં નહીં આવતા તેમના વિરૂદ્ધ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કોર્ટ કેસ કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટ દ્વારા આ હોસ્પિ.ના ડો. રમેશ એમ.કુમાવતને 3 માસની કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમની સામે ડો. કુમાવત દ્વારા સેશન્સ કોર્ટમાં અપીલ કરવામાં આવતા સેશન્સ કોર્ટએ આ અપીલ કાઢી નાખીને ડો. કુમાવતની સજા યથાવત રાખવાનો આદેશ કર્યો છે.

મળતી માહિતી પ્રમાણે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.કે.કંછલ દ્વારા ગત તા.4-5-11ના રોજ આ સાંઈ હાર્ટ એન્ડ જનરલ હોસ્પિટલ પર દરોડા પાડવામાં આવ્યા હતા. બાદમાં ડો. રમેશ કુમાવતની સામે કઠોર કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી.

કઠોર કોર્ટએ ફરિયાદને આધારે ડો.રમેશ કુમાવતને ગત તા.23-12-21ના રોજ કસુરવાર ઠેરાવી 3 માસની કેદની સજા અને દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કઠોર કોર્ટના હુકમથી નારાજ ડો. રમેશ કુમાવત દ્વારા સુરતના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજની કોર્ટમાં અપીલ કરી હતી. જેમાં જિલ્લા આરોગ્ય વિભાગ તરફે વકીલ મુક્તીયાર અહમદ શેખ અને યાહ્યા મુક્તીયાર શેખએ સેશન્સ કોર્ટમાં દલીલ કરતાં સેશન્સ કોર્ટએ તેમની દલીલ ગ્રાહ્ય રાખી તા.૧૮/૦૪/૨૦૨૪ના રોજ અપીલના કામે હુકમ કરી આરોપી ડોક્ટરની અપીલ રદ કરી ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ કાયમ રાખ્યો હતો અને આરોપી ડોક્ટર રમેશ એમ કુમાવતનાઓને કસ્ટડીમાં લેવાનો હુકમ કરી તેમને કસ્ટડીમાં લીધા હતા.

# પર્વત ગામમાં આર્થિક સંકડામણના કારણે યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સુરતઃ પર્વત ગામમાં આર્થિક સંકડામણના કારણે યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.લિંબાયત પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પર્વત ગામ હેલ્થ સેન્ટરની પાછળ એકતાનગરમાં નિલેશ દગાભાઈ વાઘ (ઉ.વ.27) પત્ની તેમજ ચારેક વર્ષની બાળકી સાથે રહેતો હતો. નિલેશ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. નિલેશને સારી રીતે કામ નહીં મળતાં તે આર્થિક સંકડામણ અનુભવતો હતો. આર્થિક સંકડામણના કારણે બુધવારે સાંજે ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. નિલેશને દારૂ પીવાની ટેવ હતી. છેલ્લા કેટલાય સમયથી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં બેરોજગારીથી પરેશાન થઈ રહેલા યુવાનો નાશીપાસ થઈને આત્મહત્યા જેવા આકરા પગલાં ભરી રહ્યાં છે, સામાજિક સંસ્થાઓએ આગળ આવી યુવાધનને આપઘાતના રસ્તે જતાં અટકાવવું જોઈએ.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ક્ષત્રિય સમાજ...

બીજી તરફ વિરોધ પ્રદર્શન કરી રૂપાલા હાય હાયના નારા લગાવતા ક્ષત્રિય યુવકોને સમજાવવામાં આવ્યા હતા. જોકે આખરે પોલીસ તેઓને બહાર લઈ ગઈ હતી.

### રૂપાલાના...

વિરોધ કરી રહ્યો છે. ભાવનગરના સોનગઢ ગામ ખાતે રૂપાલાના વિરોધમાં આખા ગામે આજે બંધ પાડ્યો હતો, અને રોજગાર, ધંધા, લારી- ગલ્લા સહિત તમામ સંસ્થાઓ બંધ રાખીને ગામ લોકોએ સજ્જડ બંધ પાડીને રૂપાલાની સાથે ભાજપનો વિરોધ કર્યો હતો. ગામ લોકોએ રૂપાલા વિરુદ્ધ સૂત્રચાર કરી ભાજપને મત નહીં આપવા અપીલ કરી હતી.

### ઓપરેશન ભાજપ...

ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આજે અંબાજીથી ધર્મરથને પ્રસ્થાન કરાવ્યું છે. આ ધર્મરથ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફરી લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે અપીલ કરશે. ધર્મરથ જે જે ગામમાં જશે તે ગામમાં જનસભાઓ, મહિલા સંમેલનો તેમજ ધાર્મિક કાર્યક્રમોના માધ્યમથી લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે આવાહન કરાશે. ધર્મરથ જ્યાં જ્યાં ફરશે ત્યાં ત્યાં ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં યોજાયેલા મહાસંમેલન દરમિયાન ક્ષત્રિય આગેવાનો દ્વારા કરવામાં આવેલા ભાષણોના ઓડિયો રેકોર્ડિંગ વગાડીને લોકોને ક્ષત્રિય સમાજના અપમાનનો બદલો લેવા આગળ આવવા આવાહન કરાશે.

### છોટાઉદેપુરના...

પરિણામ ભોગવવા પડશે. ક્ષત્રિય સમાજ અન્ય સમાજને સાથે રાખીને ભાજપને ઘેર બેસાડવાની રણનીતિમાં લાગી ગયો છે.

### રૂપાલા સામે...

પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે, ક્ષત્રિયોનો રૂપાલા સામે વિરોધ હશે પરંતુ ભાજપ સામે હવે ક્ષત્રિયોનો વિરોધ નથી. ક્ષત્રિયો ભાજપને સપોર્ટ કરશે તેવો દાવો પણ સીઆર પાટીલ દ્વારા કરવામાં આવ્યો છે. સીઆર પાટીલની પત્રકાર પરિષદ પહેલા નવસારી-ચીખલીથી ક્ષત્રિયો તરફથી ઉપસ્થિત શૈલેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, રૂપાલાના નિવેદન બાબતે અમને રોષ છે. તે રહેશે પરંતુ ભાજપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સામે અમારો કોઇ વિરોધ નથી. શક્ય હશે ત્યાં અમે તેમને સપોર્ટ કરીશું. શૈલેન્દ્રસિંહના નિવેદન બાદ પત્રકાર પરિષદમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, રૂપાલાના નિવેદનને કારણે ગુજરાતના ક્ષત્રિયોમાં રોષનું વાતાવરણ છે. સ્વાભાવિક છે કે તેમની લાગણીને ઠેસ પહોંચી છે. પરંતુ આજે લગભગ 108 આગેવાનોએ આજે અહીં આવીને સામેથી કહ્યું છે કે, તેનો રોષ માત્ર રૂપાલા સામે છે. ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈ વાંધો નથી. દક્ષિણ ગુજરાત ના ક્ષત્રિયોની લાગણી સૌરાષ્ટ્રનો રાજપૂત સમાજ સ્વીકારશે? તેવા સવાલના જવાબમાં સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો પણ મને છે કે રૂપાલાને માફ કરી દેવા જોઈએ. હું પણ અપીલ કરૂં છું કે ક્ષત્રિય સમાજે રૂપાલાને માફ કરી દેવા જોઈએ.

### સી.આર.પાટીલ...

હાજર રહ્યા નહોતા. અમે મીટિંગમાં થયેલી ચર્ચાનું ખંડન કરીએ છીએ. બારડોલી વિભાગ રાજપૂત સમાજ યુવા સંગઠનના પ્રમુખ મેહુલસિંહ દેસાઈએ જણાવ્યું હતું કે, અમે આ આગેવાનોને ઓળખતા નથી. તેઓ સંકલન સમિતિ સાથે જોડાયેલા નથી. અમારામાંથી કોઇ જોડાયું નથી. અમારી લડાઇ ચાલુ છે. દક્ષિણ ગુજરાતના ક્ષત્રિય અગ્રણી અને સંકલન સમિતિના કાર્યકર્તા દિલીપસિંહ મહિડાએ જણાવ્યુ હતું કે, અમારી લડાઇ ચાલુ છે. અને બારડોલી ખાતે આગામી 28મી તારીખે રૂપાલા તેમજ ભાજપના વિરોધમાં બારડોલી ખાતે વિરાટ ખાતે રાજપુત સંમેલન યોજાવા જઇ રહ્યું છે. તે યથાવત છે.

### મારા પતિ...

કુંભાણી ગોવા, મુંબઈ અમદાવાદ જેવા શહેરમાં હોવાની અટકળો ચાલી હતી. કોંગ્રેસના નેતાઓ નિલેશ કુંભાણી ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની વાત કરતા હતા. આ તમામ વાતો વચ્ચે આજે નિલેશ કુંભાણીના પત્ની તેમના નિવાસસ્થાને નાટકિય રીતે પરત આવ્યા હતા અને તમામ અટકળો ખોટી હોવાનું કહ્યું હતું. તેમના પત્નીએ કહ્યું હતું કે તેમના પતિ નિલેશ કુંભાણી અમદાવાદ છે. અને કોંગ્રેસના નેતાઓ સાથે હવે પછી શુ કરવું તે અંગે વાતચીત ચાલી રહી હોવાનો દાવો કર્યો હતો.

### કોંગ્રેસના ઉમેદવાર...

નેતા દિનેશ કાછડીયા દ્વારા આ છે લોકતંત્રનો હત્યારો-ગદ્દાર તેવા લખાણ સાથેના બેનર લગાવાયા છે. આ ઉપરાંત બેનરમાં લખ્યું છે કે, સુરત લોકસભાનાં 19 લાખ મતદારોના હકનો સોદો કરનારને ઓળખો અને જ્યાં પણ દેખાય તેને સવાલ કરીને સબક શીખવાડો તેવા લખાણ લખવામાં આવ્યા છે. જો કે એક બીજી વાત પણ છે કે, નિલેશ કુંભાણીને ટિકિટ જાહેર થયા બાદ તેના પ્રચાર માટે લગાવાયેલા બેનરો હજુ પણ ઘણી જગ્યાએ લોકશાહીની હાંસી ઉડાવતા હોય તેમ દેખાઇ રહ્યાં છે. હીરાબાગ સર્કલ બ્રિજ પર કુંભાણીના વિરોધમાં બેનર જોવા મળે છે તો સરથાણા નેચર પાર્ક નજીકના એક હોર્ડિંગ્સમાં સુરતનો સારથી નિલેશ કુંભાણી તેવું પણ લખાયું છે. જે સુરતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### ગુજરાતી માધ્યમનો...

મારી લીધું છે. જયારે શહેરના ડોકટર દંપતિની દિકરીએ સમસ્ત સુરત શહેરમાં અવ્વલ નંબર હાંસલ કરી સફળતાની ઊડાન ભરી યુવાઓને નવી જ રાહ ચિંધી છે. સામાન્ય શિરસ્તા મુજબ માતા-પિતા જો એક જ પ્રોફેશનમાં ઊંડા ઉતરેલા હોય તો તે તરફ જવા બાળકો પ્રેરાય છે. પરંતુ જેઈઈ મેઈનની પરીક્ષામાં શહેરના ડોકટર દંપતિની દિકરીએ તબીબીક્ષેત્ર પસંદ કરવાને બદલે ઈજનેરી ક્ષેત્ર પસંદ કરી પોતાની રસરૂચિ અને સ્વની તાકાતનો અભિગમ વ્યકત કરી અન્ય વિદ્યાર્થીઓમાં પણ પ્રોત્સાહક સંદેશો પાઠવ્યો છે.

ઈજનેરીના અભ્યાસક્રમ માટે મહત્વની ગણવામાં આવતી અને નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ગત 6 થી 15 એપ્રિલ દરમિયાન ઓનલાઈન મોડથી લેવામાં આવેલી ધોરણ-12નાં વિદ્યાર્થીઓની જેઈઈ મેઈન-2 પરીક્ષાનું આજે દેશવ્યાપી પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની પી.પી.સવાણી વિદ્યાલયનાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થી આર્જવ દેસાઈએ 99.99 પી.આર સ્કોર સાથે ગુજરાતી માધ્યમમાં રાજયમાં પ્રથમ ક્રમ મેળવ્યો હોવાનો દાવો શાળા સંચાલકો દ્વારા કરવામાં આવ્યો હતો. જયારે અંગ્રેજી માધ્યમમાં અડાજણની મનવી મહેતાએ 99.9991 પી.આર સ્કોર સાથે ઓલ ઈન્ડિયામાં 67મા રેન્ક સાથે શહેરમાં પ્રથમ ક્રમે રહી હતી. શહેરનાં ટોપર્સ રહેલા વિદ્યાર્થીઓ તબીબ દંપતિનાં સંતાન હોવા છતાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં એ-ગૃપનો અભ્યાસ પસંદ કરી કોમ્પ્યુટર એન્જિનયરીંગનાં ક્ષેત્રમાં આગળ વધવાની ઈચ્છા તેમણે વ્યકત કરી હતી. જેઈઈ મેઈનનાં પરિણામમાં શહેરની મૌની ગ્રૂપ ઓફ સ્કૂલ, સંસ્કારદિપ, વશિષ્ઠ વિદ્યાલય, જે.બી એન્ડ કાર્પ, લોકમાન્ય સહિતની શાળાનાં વિદ્યાર્થીઓએ તેજસ્વી દેખાવ કર્યો હતો.

### IITમાં કમ્પ્યુટર...

ઝીલ મહેતાએ તાજેતરમાં MBBS પૂર્ણ કર્યું છે. તે NEET PGમાં વધુ અભ્યાસ કરવા માંગે છે. JEE મેઇન પરીક્ષામાં 67મો ક્રમાંક મેળવનાર મનવી ધર્મેશ મહેતાએ જણાવ્યું હતું કે, આગળ કમ્પ્યુટર સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ કરવો છે. આઈઆઈટી એડ્વાન્સના રેન્ક મુજબ ક્યાં પ્રવેશ મળે છે એ મુજબ આગળ નક્કી કરવામાં આવશે.

### પીપી સવાણીના...

ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું છે. ગત એપ્રિલ મહિનામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા દેશની ટોચની એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે લેવાયેલી જેઈઈ મેઈન ફાઈનલ પરીક્ષાનું ગુરુવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આર્જવ દેસાઈએ JEEના પરિણામમાં ૯૯.૯૯ PR મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ ગુજરાતી માધ્યમમાં પ્રાપ્ત કરી નામ રોશન કર્યું હતું. આ ઉપરાંત ૯૯ PR ઉપર ૨૯ વિદ્યાર્થી, ૯૫ PR ઉપર ૧૩૨ વિદ્યાર્થી, ૯૦ PR ઉપર ૨૮૦ વિદ્યાર્થીએ સ્કોર પ્રાપ્ત કર્યો હતો.